# GENVASC અભ્યાસ
## અને તમારી એનએચએસ આરોગ્ય તપાસ

## હૃદય રોગનું સંચાલન કરવા માટેના સંશોધન અંગે તમે અમારી સહાય કરવા માંગો છો?

તમારી એનએચએસ આરોગ્ય તપાસ તમે કરાવો ત્યારે, GENVASC અભ્યાસમાં તમને ભાગ લેવા અમે આમંત્રિત કરવા માંગીએ છીએ. હૃદયરોગ તમને થવાના જોખમ અથવા અન્ય પરિભ્રમણની સમસ્યાઓની આકારણી માટે તમે એનએચએસ આરોગ્ય તપાસ કરાવી રહ્યા છો. આ તપાસમાં તમારા લોહીના નમૂનાનું પરીક્ષણ અને પરિબળોની તપાસ સામેલ છે જે અમને ખબર છે કે તમને રક્તવાહિનીનો રોગ થવાની શક્યતા, જેમ કે તમારી ઉંમર, લિંગ, રક્તદાબ, કોલેસ્ટેરોલનું સ્તર અને તમે ધૂમ્રપાન કરો છો અથવા ડાયબિટીસ ધરાવો છો તેના પર પ્રભાવ પડે છે.

જેમના પર જોખમ હોય તેવા લોકોની ઓળખ કરવામાં અને નિવારક પગલાં વહેલા લાગુ કરવામાં  અમને મદદ માટે બધી બાબતો મહત્ત્વની છે.
જો કે, આ પરીક્ષણો સંપૂર્ણ નથી અને ઓછા અથવા મધ્યમ જોખમ પર હોય તેવા ઓળખાયેલ કેટલાક લોકોને હજી પણ રક્તવાહિની સમસ્યાઓ રહે છે.  આમ એટલા માટે છે કે અન્ય પરિબળો કામ કરે છે, દાખલા તરીકે કેટલાક પરિવારોમાં અન્ય લોકો કરતાં રક્તવાહિની રોગ વધુ વાર થતો જોવા મળે છે, તેથી જનીન અને ડીએનએ પણ હૃદય રોગના જોખમને વધારવામાં ભાગ ભજવે છે.

## GENVASC શું છે?
## બધા વિશે અભ્યાસ?

હૃદયરોગના જોખમને અસર કરતા જનીનોને ઓળખવામાં તાજેતરમાં ઘણી પ્રગતિ કરવામાં આવી છે. GENVASC અભ્યાસ (જેનેટિક્સ એન્ડ ધી વાસ્ક્યુલર હેલ્થ ચેક પ્રોગ્રામનું ટૂંકું નામ), તમારા જેવા હજારોનો સમાવેશ કરે છે અને પરીક્ષણ કરવામાં આવેલ અન્ય જોખમ પરિબળોમાં આનુવંશિક માહિતી ઉમેરવી કે કેમ તે ચકાસવાનું લક્ષ્ય રાખે છે, જેથી રક્તવાહિની રોગ થવાના જોખમ પર કોણ છે તેનું અનુમાન સુધારવામાં મદદ કરી શકાય.

## તેમાં શું **સામેલ છે?**

અભ્યાસમાં ભાગ લેવો એ ખરેખર સરળ છે કારણ કે તે તમારી આરોગ્ય તપાસ સાથે સામેલ છે. તમારે માત્ર સંમતિ ફોર્મ પર હસ્તાક્ષર કરવાની જરૂર છે જે સંશોધનમાં તમારી કેટલીક તબીબી માહિતીનો
ગુપ્ત રીતે ઉપયોગ કરવાની અમને મંજૂરી આપે છે અને અમને લોહીના નમૂના પ્રદાન કરે છે. મોટાભાગના કેસોમાં લોહીના નમૂના તમારા આરોગ્ય તપાસના નમૂનાના સમયે જ લેવામાં આવે છે અને તેમાં કોઈ અનુવર્તી મુલાકાતો અથવા સારવારો સામેલ નથી.

## મારા **લોહીના નમૂના** અને ડેટાનું શું થશે?

તમારા લોહીના નમૂના અને ડેટા અભ્યાસના ઉપયોગ માટે NIHR લેસ્ટર કાર્ડિયોવાસ્ક્યુલર બાયોમેડિકલ રિસર્ચ સેન્ટરમાં સુરક્ષિત રૂપે સંગ્રહિત કરવામાં આવશે.

## મને કેવી રીતે ખબર પડે કે આ અભ્યાસમાં મારી **ભાગીદારી** ગુપ્ત રહેશે?

આ અભ્યાસમાં તમારી ભાગીદારી ગુપ્ત રહેશે કારણ કે તમને એક અનન્ય અભ્યાસ નંબર આપવામાં આવશે. તમારા લોહીનું વિશ્લેષણ કરનારા સંશોધકો માત્ર તમારો નંબર જાણશે, તમારું નામ નહીં.

## વધુ માહિતી માટે

આ મહત્ત્વપૂર્ણ સંશોધન કેમ કરવામાં આવી રહ્યું છે તે વિશે, કૃપા કરીને પૂરી પાડવામાં આવેલી વિગતવાર સહભાગીઓની માહિતી પત્રિકા વાંચો. વિગતવાર માહિતી પત્રિકા વાંચ્યા પછી અથવા બાદમાં કોઇપણ તબક્કે તમે મુક્ત થવા માંગતા હો તો,
તમારી સંભાળ અથવા કાનૂની અધિકારો માટે કોઈ પૂર્વગ્રહ વિના, તેમ કરવા માટે તમે મુક્ત છો.

ભાગ લેવો એ સ્વૈચ્છિક છે, પરંતુ કૃપા કરીને તેમાં જોડાઓ. ભાગ લેવા ઇચ્છતા લોકોના મોટા નમૂના પર પરિણામો આધારિત છે અને તે ભવિષ્યના જીવનને બચાવવામાં મદદ કરવા માટે ખૂબ મહત્ત્વનું હોઈ શકે.

NHS
University Hospitals of Leicester
NHS Trust

UNIVERSITY OF LEICESTER

NHS
Leicester City Clinical Commissioning Group
West Leicestershire Clinical Commissioning Group
East Leicestershire and Rutland Clinical Commissioning Group

GENERAL PRACTICE ALLIANCE

DocMed NORTHAMPTONSHIRE

3SIXTY CARE PARTNERSHIP

LAKESIDE HEALTHCARE

સંસ્કરણ 3.0 12 સપ્ટેમ્બર 2013